જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/03/૨૦૨૩ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૪૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૫૧ વ્યક્તિઓને ઝડપી, ૨૦૪ લીટર દેશી દારૂ, ૩૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ મોટર સાયકલ, ૨ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૫,૪૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૪૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૪૪૮/૨૦૨૩

બોડકદેવઃ વિરલભાઇ દિનેશચંદ્ર મંકોડી (ઉ.વ.૫૩)(રહે,સ્વસ્તિક એપાર્ટમેન્ટ, જજીસ બંગ્લોઝ સામે, પ્રેમચંદનગર રોડ, બોડકદેવ) એ તા.૧૪/03/૨૦૨૩ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે એપ્રિલ/૨૦૨૦ થી તા.૨૫/૧૧/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) ટી.વિજયન પુતથન આસીસ્ટન્ટ જનરલ મેનેજર એસ્ટ્રલ લીમીટેડ કંપની (૨) રીષભ વિજયન મેનન તુલસી એસોસીએટ્સ (રહે.અવંતી એપાર્ટમેંટ, સુરધારા સર્કલ રોડ, સુભાષ ચોક, મેમનગર) એ ભેગામળી “તુલસી એસોસીએટ્સ” નામની પોતાની અલગ કંપની ઊભી કરી, વિરલભાઇની કંપનીના નામે મળેલ ઇ-મેઇલ અને પર્ચેઝ ઓર્ડર પોતાના પુત્ર રીષભભાઇની કંપનીમા ગેરકાયદેસર રીતે ટ્રાન્સફર કરાવી, વિરલભાઇની કંપનીની માહિતી લીક કરી, વિરલભાઇની “એસ્ટ્રલ લીમીટેડ” નામની કંપની જેવી જ પ્રોડકટ અન્ય જગ્યાએ થી મેળવી ગ્રાહકોને કંપનીના ભાવ કરતા સસ્તા ભાવે સપ્લાય કરી, વિરલભાઇની કંપનીને આશરે રૂપિયા પાંચ કરોડ જેટલુ અંદાજીત નુક્શાન કરાવી તેમજ વિરલભાઇની કંપનીના રજીસ્ટર્ડ ડીસ્ટ્રીબ્યુટરો પાસેથી ખોટી રીતે કમિશન પેટે કુલ રૂપિયા ૬૪,૮૯,૫૫૮/- આરોપી રીષભ વિજયન મેનન નાઓની કંપની “તુલસી એસોસીએટ”માં જમા કરાવી વિરલભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.આર.ધવન ચલાવે છે.

**નારોલઃ** પંકજભાઈ ભરતભાઇ પાટીલ (ઉ.વ.૩૦)(રહે.જગનાથ રેસીડેન્સી ઓમકાર-૦૨ સામે નારોલ) એ તા.૧૪/૦૩/૨૦૨૩ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૪/૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી પ્રહલાદભાઇ ત્રિવેદીએ નારોલ ડિવાઇ લાઇફ સ્કુલ પ્રથમ હાઇટ્સ ખાતે આવેલ તેના ઘરે પંકજભાઇ તથા તેમના ભાઈ ગૌરવને “બેક ઓફ ઇન્ડીયા” ભદ્ર બ્રાંચમાં બેંકના પટ્ટાવાળા તરીકે નોકરી અપાવવાના બહાને તેમજ લોન અપાવવાનો વિશ્વાસ અપાવી, પંકજભાઇ પાસેથી કુલ રૂપિયા ૧,૪૯,૦૦૦/- લઇ પરત નહી આપી તેમજ અન્ય સાહેદ પાસેથી પણ નાણાં મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આઇ.રાઠોડ ચલાવે છે.

## <u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u> <u>સમાચાર યાદી નં.૪૪૯/૨૦૨૩</u>

**“એમ” ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** મુકેશલાલ રામસાગર પ્રજાપતિ (ઉ.વ.૪૩)(રહે.આનંદનગર સોસાયટી, નવ સંસ્કાર વિધ્યાલય પાસે, ઘાટલોડીયા) તા.૧૩/૦૩/૨૦૨૩ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે સિંધુભવન રોડ તાજ હોટલ થી પકવાન ચાર રસ્તા તરફ જતા ઓર્નેટ પાર્ક-૧ ની સામે રોડ ઉપર પોતાની મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક સ્ટાફ બસ નંબર જીજે.૩૮.ટી.૯૪૮૧ ના ચાલકે બસ પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી મુકેશલાલ ના મોટર સાયકલને ટક્કર મારતા શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનુ સ્થળ ઉપર મૃત્યું નિપજ્યું હતું. આ અંગેની ફરીયાદ મરણજનાર મુકેશલાલ ની પત્ની રેનુદેવી પ્રજાપતિ એ “એમ” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.જી.કટારીયા ચલાવે છે.

## <u>ત્રીજા માળથી પડી જતા મૃત્યુઃ-</u> <u>સમાચાર યાદી નં.૪૫૦/૨૦૨૩</u>

**નિકોલઃ** નિકોલ “એટલાન્ટિસ” નામની નવી બનતી સાઈટ ઉપર કામ કરતા અને ત્યા જ રહેતા મજારૂલ ઇસ્લામ હક (ઉ.વ.૨૦) (મુળ વતન. બિહાર જી-કિશનગંજ થાના કોઠવાડી ધીગલબેંક લોહાગડા વોર્ડ નંબર-૦૮) તા.૦૩/૦૩/૨૦૨૩ ના રોજ સાઈટ ઉપર ત્રીજા માળે કામ કરતા હતા ત્યારે પગ લપસી જતાં નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સોલા ભુયંગદેવ ચાર રસ્તા પાસે આવેલ ફિનિક્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૪/૦૩/૨૦૨૩ બપોરના ૨/૪૫ વાગે તેમનુ મૃત્યું નિપજ્યું હતું. આ અંગે નિકોલ પોલીસે અક્સ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સંજયકુમાર નાથાલાલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૫૧/૨૦૨૩**

**અમરાઇવાડીઃ** કમલેશભાઇ ગોવિંદભાઇ નાગર (ઉ.વ.૫૦)(રહે.મોરલી મનોહર સોસાયટી પ્રેરણા સ્કુલની બાજુમાં ભવાનીનગર પાસે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૧૨/03/૨૦૨૩ રાતના ૧૦/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૩/03/૨૦૨૩ સાંજના ૭/૧૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિંહ રામસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી